## વડીલોને વંદન અભિનંદન



રાજેન્દ્રસિંહ ડી. રાઠોડ (૧૯૫૧) મો.૯૪૨૮૩૫૦૫૦૩

### ભિલોડા દરજી સમાજી સમાજનું ગૌરવ

ભિલોડા, તા.૧ ભિલોડાનગરના મિનેશભાઈ અરવિંદભાઈ દરજી, દિપાલી



લેડીઝ ટેલર્સવાળાનો સુપુત્ર પાર્થ દરજી હિંમતનગર ગ્રો-મોર ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ધોરણ.૧૦ માં અભ્યાસ કરતો હતો.માર્ચ ૨૦૧૩ માં લેવાયેલ એસ.એસ.સી.બોર્ડની પરીક્ષામાં ૮૬ ટકા મેળવી ભિલોડાનગર અને ભિલોડા દરજી સમાજનું ગૌરવ વધારેલ છે. વિરાટ સિધ્ધી હાંસલ કરવા બદલ દરજી સમાજ-ભિલોડાનગરના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

### ભિલોડા ભાટીયા સમાજી સમાજનું ગૌરવ

ભિલોડાનગરના જીતેન્દ્રભાઈ ભાટીયા એડવોકેટ,નોટરી,મુનાઈ ગ્રામ પંચાયત ડે.સરપંચનો સુપુત્ર




રોશન ભાટીયા ધોરણ.૧૦ માં અભ્યાસ કરતો હતો.માર્ચ ૨૦૧૩ માં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં૯૬.૫૦પી.આર.મેળવી ભિલોડાનગર,મુનાઈ ગામ અને ભાટીયા સમાજનું ગૌરવ વધારેલ છે.

# સ્વ. ભાવનાબેન ચિખલીયાને ભાજપના દિગ્ગજોની શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૧

ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાનશ્રી એલ. કે. અડવાણી, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રાજનાથસિંહ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે જૂનાગઢમાં ભાજપાના મહિલા અગ્રણી અને પૂર્વસાંસદ સ્વ. ભાવનાબેન ચીખલીયાના સ્વર્ગવાસ નિમિત્તે શ્રધાંજલિ આપવા યોજાયેલી પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહી ભાવભરી આદરાંજલિ સ્વ. ભાવનાબેન ચીખલીયાને અર્પણ કરી હતી.

હ્રદયરોગના હુમલાથી અકાળ ચીરવિદાય લીધેલા સ્વ. ભાવનાબેન ચીખલીયાને શ્રધ્ધાસુમન અર્પણ કરવા આજે બપોરે જૂનાગઢના સ્વામિનારાયણ અક્ષરપુરૂષોત્તમ સંસ્થાના સભાકક્ષમાં યોજાયેલી આ પ્રાર્થનાસભામાં પૂર્વ નાયબ વડાપ્રધાન અને ભાજપાના પીઢ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીજી, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રાજનાથસિંહજી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સહિતના અગ્રણીઓ સૌએ ભાવસભર શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. પૂર્વ નાયબ વડાપ્રધાનશ્રી લાલકૃષ્ણ અડવાણીએ સ્વ. ભાવનાબહેન ચિખલીયાને ભાવસભર શ્રધ્ધાસુમન અર્પણ કરતાં કહયું કે ભાવનાબહેનની વિદાય એ ન માત્ર ભારતીય જનતા પક્ષને જ નહીં દેશની રાજનિતીને એક મોટું નુકશાન છે. પોતે જ્યારે જ્યારે સોમનાથ વાયા કેશોદ આવતા ત્યારે હંમેશા ભાવનાબહેન તેમની સાથે જોડાતા તે તથા સંસદમાં તેમની સક્રિયતાના સંસ્મરણોને વર્ણાવીને, શ્રી અડવાણીએ આજે આ શોકસભામાં આટલી વિશાળ સંખ્યામાં માનવ મહેરામણ ઊમટયો તે સ્વ. ભાવનાબહેન પ્રત્યેના લોકઆદરનું પ્રતીક ગણાવી, શોકગ્રસ્ત ચીખલીયા પરિવારને ઊંડી દિલસોજી પાઠવી સ્વ. ભાવનાબહેનના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. માનવ કે માનવેત્તર સૌ કોઈએ એક દિવસ તો જવાનું જ હોય છે છતાં જ્યારે કોઈ સમયથી પહેલું ચાલ્યું જાય છે ત્યારે એ આઘાત અસહય બને છે એવું દુ:ખ વ્યકત કરી સ્વ. ભાવનાબહેનને શ્રધ્ધાસુમન અર્પણ કરતાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રાજનાથસિંહે કહયું કે દેશની રાજનીતિને આજે વિદૂષી મહિલાઓની નીતાંત આવશ્યકતા છે, તેવા કપરા સમયે ભાવનાબહેને આપણી વચ્ચેથી વિદાય લીધી છે. શ્રી રાજનાથસિંહે ભાવનાબહેનની સક્રિય સંસદીય કારકીર્દીને બિરદાવી, તેમના આત્માની ચીર શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સ્વ. ભાવનાબેનના સ્વર્ગવાસથી ધોરણે શોકાતુર પરિવારજનોને સાંત્વના આપતાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ભાજપાની કાર્યસંસ્કૃતિને પચાવનારા સ્વ. ભાવનાબેનમાં સેવા-નિષ્ઠાની અદ્દભૂત શકિત હતી. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાવવિભોર સ્વરે જણાવ્યું કે પક્ષ અને પરિવારના અત્યંત શકિતશાળી નિકટના સાથી ગૂમાવ્યા છે. તેમના પરિવારને ધૈર્ય આપવા માટે સાંત્વનાના શબ્દો પણ ઓછા પડે તેમ છે. આ પ્રસંગે મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદી, કૃષિ રાજ્યમંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, પ્રદેશ ભાજપા પ્રમુખશ્રી આર. સી. ફળદુ, શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્યોશ્રી મહેન્દ્રભાઈ મશરૂ, શ્રીમતી ભાનુબહેન બાબરીયા, રાજ્યસભાના સભ્યશ્રી મનસુખભાઈ માંડવીયા, મહિલા અગ્રણી શ્રીમતી હેમાબહેન આચાર્ય, પીઢ અગ્રણીશ્રી નારસિંહભાઈ પઢિયાર, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી કનુભાઈ ભાલાળા, પૂર્વ મંત્રીશ્રી મોહનભાઈ પટેલ, પૂર્વ સંસદીય સચિવશ્રી એલ. ટી. રાજાણી, પૂર્વ કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, પૂર્વ મંત્રીશ્રી દેવાણંદભાઈ સોલંકી, અગ્રણીશ્રી રાજુભાઈ ધ્રુવ, પૂ. ભારતીબાપુ, પરબના પૂ. કરશનદાસ બાપુ, સંતશ્રી ઈન્દ્રભારતી તથા વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, મોટીસંખ્યામાં પ્રજાજનો સદગતને શ્રધ્ધાંજલિ અર્પવા ઉપસ્થિત રહયા હતા.



## ખેડબ્રહ્માથી અપહરણ કરેલ યુવાનનો મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્માના બકસારામ પ્રજાપતિનું ગયા રવિવારના રોજ સાંજના સુમારે સરદારચોકમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. જેની અપહરણની ફરીયાદ ગઈ રાત્રે ખેડબ્રહ્મા પો. સ્ટેશને નોંધાઈ હતી. જે યુવકની લાશ સોમવાર સાંજે ખેડબ્રહ્મા વડાળી હાઈવે પર વાડોઠ પાટીયાથી પૂર્વ તરફ ૩૦૦ મીટર અંદર અર્ધ સળગેલી મલી આવી હતી. જેની પાસેથી તેનું પર્સ, મોબાઈલ, હાથરૂમાલ મળી આવ્યા હતા. તેની બાજુમાં જલદ પ્રવાહીની ખાલી બોટલ મળી આવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



(તસવીર : સંજય રાવલ)

## પ્રાંતિજ સબજેલનું નવિન બાંધકામ દોઢ વર્ષથી શરૂ ન થતાં લોકોમાં રોષ

પ્રાંતિજ, તા.૧

પ્રાંતિજ શહેરમાં નાની ભાગોર પાસે વર્ષોથી કાર્યરત સબજેલનું બિલ્ડીંગ જર્જરીત બનતા નવીન બાંધકામ કરવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું અને ફેબ્રુઆરી ૨૦૧૨ માં તમામ કેદીઓને હિંમતનગર સબ જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતાં.

સબ જેલના નવીન બાંધકામ કરવાના નિર્ણયને દોઢ દોઢ વર્ષના વાણા વિતી જવા છતાંય આજ દિન સુધી પરિસ્થિતિ જેમની તેમ છે. સબ જેલ બાંધકામની ફાઈલ સરકારી ઓફિસોમાં મંથર ગતિએ ચાલતા નવિન મકાનનું કામ અટવાયેલું છે. પ્રાંતિજ અને તલોદ તાલુકાની કોર્ટના કેદીઓને અન્ય જેલોમાં મોકલવામાં આવે છે. પરિણામે પોલીસના કર્ચમારીઓને કેદીઓને લઈને મોડાસા સહિત સબજેલમાં લઈને જવું પડે છે. જેને લીધે સમય બગાડ અને સલામતીને પગલે પરેશાની વેઠવાનો વારો આવે છે. તંત્રને પણ આર્થિક નુકશાન ભોગવવું પડે છે. સબજેલના બિલ્ડીંગની વિષમ પરિસ્થિતિ હોવા છતાં સ્થાનિક આગેવાનો તંત્રના અધિકારી કે ધારાસભ્યનું પેટનું પાણીય હાલતું નથી. નવીન બિલ્ડીંગ પોલીસ આવાસ નિગમ મહેસાણા દ્વારા હાથ ધરવામાં આવશે. પરંતુ દોઢ વર્ષ વિતવા છતાંય બાંધકામ શરૂ કરવામાં આવ્યું નથી તેવો જવાબ આપવા કોઈ તૈયાર નથી. પોલીસ આવાસ નિગમ દ્વારા હિંમતનગર સબ જેલના જેલર તથા અન્ય અધિકારીઓએ બિલ્ડીંગની જગ્યા પર નવીન બાંધકામ માટેનો પ્લાન તૈયાર થઈ ગયો છે અને આગળ રિપોર્ટ મોકલ્યો હોવાનું તંત્રના લોકો જણાવી રહ્યા છે

પ્રાંતિજ સબજેલનું નવિન બાંધકામ ઝડપી થાય અને લોકોની મુશ્કેલી અને સરકારી તંત્ર પર પડતો આર્થિક બોજો દુર થાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

પરીક્ષાલક્ષી કોઈપણ ગેરરીતિને ચારુતર વિદ્યામંડળ વખોડે છે : સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ

## ચારુતર વિદ્યામંડળમાં તમામ સંસ્થાઓ પરીક્ષાલક્ષી કાર્યવાહીમાં પવિત્રતા જાળવે એ ખૂબ જરૂરી છે

### વિદાય લેતા કુલપતિ ડૉ.હરીશ પાઢના છેલ્લા દિવસે જ વિવાદાસ્પદ અને ગેરકાયદેસર પગલાં

વલ્લભ વિદ્યાનગર, તા. ૧

ચારુતર વિદ્યામંડળની કોઈપણ સંસ્થામાં પરીક્ષાલક્ષી ગેરરીતિઓ સહિતની કોઈપણ ગેરરીતિને સાંખી લેવામાં નહીં આવે એવું ભારપૂર્વક જણાવતાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ઉમેર્યુ હતું કે આવી કોઈ ગેરરીતિમાં સંડોવાયેલા સી.ઝેડ.પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટના કર્મચારી વિરૂધ્ધ સરદાર પટેલ યુનિવર્સિટીએ સૂચવેલી કાર્યવાહી જેવી જ કાર્યવાહી અગાઉ કરીને દોષિત બંને કર્મચારીને તાત્કાલિક અસરથી છૂટા કરવામાં આવ્યા છે.

સી.ઝેડ.પટેલ કોલેજને લગતા પ્રકરણમાં 'કોઈ કાવતરાની ગંધ' આવતી હોવાનું પણ ચારુતર વિદ્યામંડળના મેનેજમેન્ટને લાગી રહ્યું છે. સઘળી બાબત મેનેજમેન્ટ સાથે ચર્ચા વિચારણાને અંતે મેનેજમેન્ટનું વલણ એવું છે કે ચારુતર વિદ્યામંડળની કોઈપણ સંસ્થામાં પરીક્ષાને લગતી કોઈપણ ગેરરીતિ થવાનો ચારુતર વિદ્યામંડળે વિરોધ કર્યો છે અને સી.ઝેડ.કોલેજમાં પણ જે કાંઈ ગેરરીતિ આચરવામાં આવી હોય તેવું સીવીએમની કોઈપણ સંસ્થામાં ના બને તેની તકેદારી રાખવા માટે અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે સૂચના આપી છે. આવા કોઈ કિસ્સામાં સંડોવાયેલા કર્મચારી વિરૂધ્ધ સરદાર પટેલ યુનિવર્સિટીએ જેવી કાર્યવાહી કરી છે તેવી જ કાર્યવાહી અગાઉથી જ ચારુતર વિદ્યામંડળે કરી છે અને દોષિત બંને કર્મચારીને તાત્કાલિક અસરથી છૂટા કરવામાં આવ્યા છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના વિદાય લેતા કુલપતિ ડૉ.હરીશ પાઢે શનિવારે સી.ઝેડ.પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટના કેન્દ્રમાં પરીક્ષાને લગતી ગેરરીતિના પ્રકરણમાં આચાર્ય સહિત કેટલાક અધ્યાપકોની યુનિવર્સિટીની માન્યતા રદ કરવા સહિતનાં કથિત ગેરકાયદે પગલાં લીધાં અને એનો વિવાદ નવી કાયદાકીય ગૂંચ ઊભી કરશે. સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડિકેટને આ સમગ્ર બાબતથી અંધારામાં રાખીને કુલપતિ ડૉ.પાઢે સંબંધિત પ્રકરણમાં તપાસ સમિતિ રચી અને તેના અહેવાલને અંતિમ સ્વરૂપ અપાવા સામે સમિતિના એક સભ્યે ચોકસ કારણો આપીને અસંમતિ દર્શક અહેવાલ આપ્યો હોવા છતાં પોતાની મુદતના અંતિમ દિવસે કુલપતિએ આચાર્ય અને કેટલાક અધ્યાપકોની સામે પગલાં લેવા ઉપરાંત સમિતિની ભલામણ મુજબ પોલીસ કાર્યવાહી કર્યા સિવાય મનસ્વી નિર્ણય કરીને વિવાદનો નવો મધપૂડો છંછેડ્યો છે.

સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડિકેટના બહુમતી સભ્યોએ છેલ્લા એક વર્ષથી બાયોસાયન્સ વિભાગનાં પ્રોફેસર ડૉ.કિરણ કાલીયાએ પરીક્ષાઓમાં આચરેલી ગેરરીતિઓ સહિતના આવા બીજા કેસોનો અહેવાલ સિન્ડિકેટમાં મૂકવાનો આગ્રહ કર્યો હતો અને કુલપતિએ એ બાબતમાં મૌખિક ખાતરી આપી હતી કે આ રિપોર્ટ સિન્ડિકેટમાં મૂકીશ. દા.ત. માર્કશીટ કૌભાંડ અને સરદાર પટેલ યુનિવર્સિટીના 'જ્ઞાનોદય' પરીક્ષાખંડમાં સપ્લીમેન્ટરી બદલવા ઉપરાંત માસકોપીંગના કેસ પણ યુનિવર્સિટીમાં અન્યત્ર થયા છે. નવાઈની વાત એ છે કે યુનિવર્સિટીમાં આચરવામાં આવેલાં પરીક્ષાચોરી અને ગેરરીતિનાં બીજાં પ્રકરણો ભણી આંખમિચામણા કરીને કુલપતિએ ઉપરોક્ત અહેવાલોથી સિન્ડિકેટને વાકેફ કરવાનું ટાળ્યું હતું, પરંતુ ચારુતર વિદ્યામંડળસંચાલિત સી.ઝેડ.પટેલ કોલેજના પ્રકરણમાં તેમણે વિશેષ રસ લઈને વિદાય થવાના દિવસે જ કાર્યવાહી કરવાનું મનસ્વી પગલું ભર્યુ છે.

આશ્ચર્યની વાત એ છે કે સી.ઝેડ.પટેલ પ્રકરણમાં જવાબદાર બે બિનશૈક્ષણિક કર્મચારીઓએ કબૂલાત આપ્યા પછી તેમને મંડળે નોકરીમાંથી દૂર કરવાનું પગલું ભર્યુ છે અને યુનિવર્સિટીને તેની જાણ પણ કરી છે તેમ છતાં કુલપતિએ પોતાને મનફાવે તેવા સભ્યોને લઈને તપાસ સમિતિ રચી, આવી સમિતિની રચના સિન્ડિકેટની માન્યતા માટે મૂકવાનું જરૂરી લેખ્યા સિવાય, પોતાની રીતે જ તપાસ આગળ ચલાવી. આ તપાસમાં સી.ઝેડ. કોલેજના બધા જ કર્મચારીઓએ સહકાર આપ્યો. મહિલા અધ્યાપકો સહિતના કર્મચારીઓએ રાતના ૧૨-૧૨ વાગ્યા સુધી ચાલુ રહેલી આ તપાસમાં હાજરી આપવી પડી અને આ તપાસના અહેવાલને અંતિમ સ્વરૂપ અપાતાં તપાસ સમિતિના અહેવાલ મુજબ કાર્યવાહી કરવાને બદલે કુલપતિએ આચાર્ય સહિતના અધ્યાપકોની યુનિવર્સિટીની માન્યતા રદ કરવા સહિતનાં પગલાં લેવાનું ગેરકાયદેસર અને મનસ્વી પગલું ભર્યુ છે. તેમણે સમગ્ર કેસની પોલીસ તપાસનો આદેશ આપ્યો છે અને પોલીસને તપાસ સોંપાય તથા પોલીસ તપાસ કરીને કોઈ તારણ પર આવે તે પહેલાં જ કુલપતિએ અધ્યાપકો અને બીજા કર્મચારીઓની સામે પગલાં ભરવાનું પસંદ કર્યુ છે, જે બાબત કાયદાકીય રીતે તર્કસંગત જણાતું નથી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

## ૧૧ હજારથી વધુ... ● પહેલા પાનાનું ચાલુ

ફાળવવા અંગેનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરની ૩૦ થી વધુ શાળાઓમાં આ સુવિધા ઉપલબ્ધ બનશે.

આ ઉપરાંત વન મહોત્સવ દરમ્યાન શાળાના મેદાનોમાં થતા વૃક્ષારોપણ માટે કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી સૂચવાવતો ટ્રીગાર્ડ પણ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે એક હજાર જેટલા ટ્રી ગાર્ડ શહેરની વિવિધ શાળાઓમાં આપવામાં આવશે.

સ્ટેન્ડીંગ કમિટીની આજની બેઠકમાં વોટરકુલરો માટે નવી એજન્સી નિયુક્ત થાય ત્યારે તેની ફાળવણીની કાર્યવાહી આગળ ધપાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

કોર્પોરેશનમાં કામગીરીનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે ભરતીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય તેવી લાગણી આજની બેઠકમાં સભ્યોએ વ્યક્ત કરી હતી. આ ઉપરાંત સરકારમાં મોકલાયેલા અન્ય સ્ટાફની ભરતી માટે ઝડપથી મંજૂરી મળે તે માટે પણ કમિશ્નરશ્રીને જરૂરી કાર્યવાહી કરવા માટેની સત્તા આપવામાં આવી છે.

## મનપાની લાલ આંખ... ● પહેલા પાનાનું ચાલુ

લઈ અનેકવિધ ફરિયાદો તંત્રને મળી હતી. એક તબક્કે આ સંસ્થાની કામગીરીનો મુદ્દો સામાન્ય સભામાં પણ ચમક્યો હતો.

સામાન્ય સભામાં પણ સફાઈના મુદ્દે થયેલ ચર્ચાને અંતે એક પ્રસ્તાવ પસાર કરી તપાસ અહેવાલ સ્ટેન્ડીંગ કમિટીને મોકલવા જણાવાયું હતું. જેના અનુસંધાને તંત્રએ પોતાનો અહેવાલ આજે સ્થાયી સમિતિ સમક્ષ રજુ કર્યો હતો.

મળતી વિગતો પ્રમાણે સ્થાયી સમિતિ સમક્ષ રજુ થયેલ વિગતોમાં સંસ્થા દ્વારા શરત ભંગ થયાની વાતોનો ઉલ્લેખ કરવા ઉપરાંત સંસ્થા દ્વારા ૧-૬-૨૦૧૩ થી સફાઈની કામગીરી સ્થગિત કરી દેવામાં આવી હોવાની ચોંકાવનારી હકીકત પણ દર્શાવવામાં આવી હતી.

આ અહેવાલથી ચોંકી ઉઠેલ સ્થાયી સમિતિના સભ્યોએ એક અવાજે આ સંસ્થાને બ્લેકલીસ્ટ કરવાનો નિર્ણય લીધો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકાને રાજ્ય સરકાર દ્વારા સફાઈની એક માત્ર સેવાની કામગીરી સોંપવામાં આવી છે અને તેને લઈ પણ અનેકવિધ વિવાદો સતત પ્રવર્તતા રહ્યા છે. સફાઈના મુદ્દે આક્રમક વલણ પહેલીવાર તંત્ર દ્વારા અપનાવવામાં આવ્યું છે અને એજન્સીને બ્લેકલીસ્ટ ૧॥ વર્ષ માટે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સફાઈના મુદ્દે આ એજન્સીને અનેકવિધ ચેતવણીઓ પણ અપાઈ હતી તેમજ નોટીસો પણ અપાઈ હતી. ચોમાસુ જ્યારે નજીકમાં હોવાથી એજન્સીના નકારાત્મક અભિગમની ગંભીર નોંધ તંત્ર દ્વારા લેવામાં આવી છે.

દરમ્યાન સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ જણાવ્યું હતું કે સફાઈની કામગીરીએ અમારી અગ્રતા છે. સ્વચ્છ શહેર સ્વસ્થ શહેર એ અમારો મંત્ર છે. આ બાબતમાં કોઈપણને બક્ષવામાં આવશે નહિ.


આજે મળેલી બેઠકમાં સફાઈના મુદ્દે તેમજ બી.પી.એલ. પરિવારોને કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી મચ્છરદાની ફાળવવા અંગે મળેલી રજુઆત બાબતે કમિશ્નરશ્રીએ જરૂરી તપાસ કરી નિર્ણય લેવા માટે જણાવાયું છે.

આજની આ બેઠકમાં મિલ્કતવેરામાં ગ્રામ્ય વિસ્તારના રહીશોને થતા અન્યાયનો મુદ્દો પુનઃ ચમક્યો હતો. ભાજપના શ્રી સંદીપ જ્યોતિકરે આ મુદ્દે રજુઆત કરી હતી. કમિશ્નરશ્રીએ જણાવ્યુ હતું કે ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ તેમજ મળેલી ફરિયાદોના નિરાકરણની કામગીરી ચાલી જ રહી છે અને બહુ ઝડપથી આ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે તેવી સ્પષ્ટતા કરી હતી.

આ બેઠકમાં તાંત્રિક કામગીરી સારૂ નિવૃત્ત/લાયક અનુભવી સ્ટાફને કરાર આધારિત નિમણુંક માટે કમિશ્નરશ્રીને સત્તા આપવામાં આવી છે જો કે આવી નિમણુંકો કરતા પૂર્વે મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી સાથે પરામર્શ કરવાનો રહેશે તેવો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ઉત્તરાખંડમાં આવેલ આપદામાં પોતાના જીવ ગુમાવનાર યાત્રાળુઓને તેમજ પૂર્વ સાંસદો ભાવનાબેન ચીખલીયા અને શ્રી હરિસિંહ ચાવડા તેમજ ધારાસભ્ય શ્રી કિશોર વાંકાવાલાને શ્રદ્ધાંજલિ આપતો શોકદર્શક પ્રસ્તાવ પસાર કરી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

## શબ્દાવલી - ૫૧૦૬



### આડી ચાવી

૧. સંગીતનું એક વાદ્ય (૩)
૪. શ્રીરામને મદદ કરનાર પક્ષી (૨)
૬. આવક, પગાર (૩)
૭. ટળ, તુચ્છકારનો શબ્દ (૨)
૮. નોકર, ચાકર (૨)
૧૧. ... જોઈ શકાય તેવું પારદર્શક (૪)
૧૩. પૃથ્વી, ધરા (૪)
૧૫. બોલાચાલી (૩)
૧૮. લીટી, રેખા (૩)
૧૯. સામ્ય, સરખાપણું (૪)
૨૧. શ્વાસનો રોગ (૨)

### ઊભી ચાવી

૧. એક ધાતુ જેના વાસણો પણ હોય છે (૩)
૨. દાસ, ચાકર (૩)
૩. અણીવાળુ (૪)
૪. દાવ, રમતની સંખ્યા (૨)
૫. ધરતી, ધરા, પૃથ્વી (૩)
૯. ખરબચડું ના હોય તેવું (૩)
૧૦. ફરિયાદ (૨)
૧૧. માલિક, શેઠ (૨)
૧૨. ચઢે તો ચાખે વૈકુંઠ... ગકીરે તો ચકનાચુર (૨)
૧૩. એક જાતનું કાપડ (૪)
૧૪. સીડી, દાદર (૪)
૧૬. સતત, અવિરત (૪)
૧૭. ખેપિયો, ટપાલી (૩)
૨૦. મમ્મીના ભાઈ તે... (૨)

### શબ્દાવલી ૫૧૦૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) શાહમૃગ (૪) છલાંગ (૭) દંગલ (૮) ઘર (૯) લગન (૧૦) ધણ (૧૧) જખ (૧૨) પુજા (૧૪) સલુણુ (૧૫) તટ (૧૬) પડતર (૧૮) પામર (૧૯) વાવડ (૨૦) હીર

**ઊભી ચાવી :-** (૧) શાખા (૨) મૃદંગ (૩) ગગન (૫) લાંઘણ (૬) ગર (૯) લખલુટ (૧૦) ધજા (૧૧) જસત (૧૨) પુછપરછ (૧૩) ચામર (૧૭) તબાહી (૧૮) પાડ

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની મુખ્ય કચેરી, 'જલસેવાભવન', સેક્ટર-૧૦/એ, ગાંધીનગર ખાતે ૧.૫ ટનના તથા ૨ ટનના સ્પ્લીટ એ.સી. કાઢી શીફ્ટ કરી અન્ય જગ્યાએ ફીટ કરવાના મટીરીયલ તથા મજુરી સહિતના કામના કામોના ટેન્ડર મંગાવવામાં આવે છે. આ પ્રકારની કામગીરી કરેલ હશે તેવી સરકાર માન્ય રજીસ્ટ્રેશન ધરાવતી એજન્સીને ટેન્ડર આપવામાં આવશે. ટેન્ડર દર્શાવ્યા મુજબની ફી રૂ. ૩૦૦/- પ્રતિ ટેન્ડર બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૬-૭-૧૩ સુધી ટેન્ડર ઈશ્યુ કરવામાં આવશે. ભાવો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ / સ્પીડપોસ્ટ મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી, મહેકમ - ૪, સ્ટોર શાખા, મુખ્ય કચેરી, 'જલસેવાભવન', સેક્ટર-૧૦/એ, ગાંધીનગરને મોડામાં મોડા તા. ૧૨-૭-૧૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. શક્ય હશે તો તા. ૧૨-૭-૧૩ના રોજ હાજર એજન્સીઓની રૂબરૂમાં ટેન્ડર કોલવામાં આવશે. વિસ્તૃત વિગતો ઉપરોક્ત સરનામે કચેરી સમય દરમિયાન મેળવી શકાશે અથવા બોર્ડની વેબસાઈટ **www.gwssb.org** ઉપર મુકવામાં આવી રહેલ છે.

**માહિતી/૬૬૮/૧૩-૧૪**

**દૂંકી મુદતની જાહેર નિવિદા નં. ૧/૨૦૧૩-૧૪**
**નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, પંચાયત પેટા વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, જિલ્લા પંચાયત ૩૮૨૦૧૭ ફોન નં. ૨૩૨૫૬૯૬૫ દ્વારા ગુજરાત રાજ્યની જે તે તાલુકાની મજુર કામદાર સહકારી મંડળીઓ દ્વારા આપેલ સમયમર્યાદામાં ટેન્ડર આપવાની તેમજ પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવે છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

| અનુ. | કામનો નંબર | કામની વિગત | |
|---|---|---|---|
| | | જે તે તાલુકાની મજુર કામદાર સહકારી મંડળીઓ માટે | |
| | | ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ | ટેન્ડર કોપી પરત લેવાની છેલ્લી તારીખ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧ | ૩/૦૭/૨૦૧૩ | ૧૧/૦૭/૨૧૦૧૩ |

**માહિતી/૬૭૦/૧૩-૧૪**
**નાયબ કાર્યપાલક ઇજનેર**
**પંચાયત પેટા વિભાગ, ગાંધીનગર**

**IITE**
**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**
**Govt College Campus, kh Road Sector-15**
**GANDHINAGAR**

**ટૂંકી મુદતની બાંધકામ અંગેની નિવિદા**

આઈઆઈટીઈ હસ્તકની સેક્ટર-૨૪માં આવેલ હોસ્ટેલ ખાતે બે 'ડોમશેડ' તથા સેક્ટર-૧૫માં આવેલ કોલેજ ખાતે એક પાર્કિંગ શેડ તૈયાર કરી આપવા માટે માન્ય ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. વિગતવાર ટેન્ડર કચેરી ખાતેથી તા. ૮-૭-૧૩ સુધી રૂ. ૧૦૦ રોકડેથી ભરીને મેળવી લેવાના રહેશે. કામની વિગત નીચે મુજબ છે. ભરેલા સીલ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએ મોડામાં મોડા તા. ૯-૭-૧૩ સુધીમાં પરત કરવાના રહેશે.

Fabricating and erecting 2 Nos. of fibre - plastic 'Dom Sheds' and 1 No. of fibre - plastic 'Parking Shed' Estimate cost Rs. 7,85,000/-

Qualification of Bidder :- Any registered construction contract firm or majoor kamadar Mandali which have experience of fabrications as well as construction work in professional way. Must have executed minimum of 5 lacs rupees such work in last 3 years.

**કુલ સચિવ**
**આઈઆઈટી**